ફીકસ પગારના કર્મચારીઓનું
રાજીનામુ મંજુર કરવા અંગેની બાબત.

ગુજરાત સરકાર,
નાણાવિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૮/૦૨/૨૦૧૮

સંદર્ભ:–
(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ–ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ–ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)/ઝ.૧

**પ્રસ્તાવનાઃ–**

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૧) સામેના ઠરાવ અંતર્ગત રાજય સરકારના ખાતાઓની કચેરીઓ ખાતે પ્રથમ પાંચ વર્ષ માટે નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા કરારના આધારે ફીકસ પગારથી નિમણૂક પામેલ વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગના કર્મચારીઓ તેઓની આ પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન તેઓની આ નિમણૂકની જગ્યા ઉપરથી રાજીનામું આપીને કેન્દ્ર/રાજય સરકારની અન્ય સમકક્ષ કે ઉપલી જગ્યા ઉપર સીધી ભરતીથી પસંદગી પામી જોડાવા માંગતા હોય તેવા કિસ્સાઓમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવની બોલીઓ અને શરતોની શરત–(૧૪)(બ)ની જોગવાઈ મુજબની કાર્યવાહી સંદર્ભમાં કેટલીક કચેરીઓ ધ્વારા એક માસની નોટીસ અથવા નોટીસ–પે ભરવાનો આગ્રહ રાખવામાં આવતો હોવાનું જણાયેલ છે. જેથી ઉપરોકત વિગતે રાજય સરકાર ધ્વારા જરૂરી સૂચનાઓ બહાર પાડવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**–: સુધારા ઠરાવ :–**

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ ક્રમાંક–(૧) સામેના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત રાજય સરકારની કચેરીઓમાં નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા પાંચ વર્ષના કરાર આધારે અને ફીકસ પગારથી નિમણૂક મેળવનાર કર્મચારી જો પાંચ વર્ષના ફિકસ પગારના સમયગાળાના કરાર દરમ્યાન તેઓની આ ફિકસ પગારની નિમણૂકની જગ્યાએથી રાજીનામું આપી કેન્દ્ર સરકાર કે રાજય સરકારની અન્ય સમકક્ષ કે ઉપલી જગ્યા ઉપર સીધી ભરતીથી પસંદગી પામી સેવામાં જોડાવવા માંગતા હોય તેવા

(પાછળ)

કિસ્સાઓમાં આવા કર્મચારીઓએ એક માસની નોટીસ આપવાની રહેશે. આ સબંધમાં કોઈ નોટીસ–પે ભરાવવાનો રહેશે નહી. આ કેસમાં ફકત રાજીનામું જ મંજૂર કરવાનું રહેશે. ફિકસ પગારના કર્મચારીઓને ફરજમુકત કરવાના રહેશે નહી. આવા કર્મચારીઓની એક માસની નોટીસ પીરીયડનો સમયગાળો માફ કરવા / ઘટાડવા માટે રાજીનામું મંજૂર કરનાર સત્તાધિકારી તેમની કક્ષાએથી નિર્ણય લેવા સક્ષમ ગણાશે."

આ ઠરાવનો રવાનગી થયા તારીખથી અમલ કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. બી. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ➢ માનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- ➢ સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- ➢ સિલેકટ ફાઈલ– ઝ. ૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

––o––